Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 9, Issue 1, June 2023
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સૌરાષ્ટ્રના લોકગીતમાં નદી

**ડૉ. તીર્થંકરદાન રતુદાન રોહડિયા**
ગુજરાતી વિભાગાધ્યક્ષ,
આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ – બરવાળા

## વિષય પ્રવેશ : -

"સૌરાષ્ટ્ર દેશ સોહામણો, ચંગા નર ને નાર,
જાણે સ્વર્ગથી ઉતર્યો, દેવ દેવી અણસાર"(૧)

સૌરાષ્ટ્ર પ્રદેશની પોતાની ઓળખ છે. અહિ પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવ બિરાજમાન છે. શ્રીકૃષ્ણ ગોકુળ-મથુરા છોડીને પોતાનું શેષ જીવન પસાર કરવા સૌરાષ્ટ્રમાં જ આવેલા. મહાત્મા ગાંધી જેવા નરબંકા સૌરાષ્ટ્રમાં પાક્યા છે. આવી સૌરાષ્ટ્રની ધરતી ગુજરાતમાં પોતાની અનોખી ભાત પાડી રહી છે. વિશ્વના દરેક દેશ, પ્રાંત અને રાજ્યની પોતીકી લોક સંસ્કૃતિ તથા લોક સાહિત્ય છે. તેના થકી તે પ્રાંતની સંસ્કૃતિ, સંસ્કાર, ઉત્સવો, પ્રકૃતિ વગેરે પોતાની સુગંધ પ્રસરાવી રહી છે. આવી જ મઘમઘતી ફોરમ સૌરાષ્ટ્રના લોક સાહિત્યની છે.

**<u>સૌરાષ્ટ્રનું લોક સાહિત્ય :-</u>**

માનવીએ પોતે જોયેલું, જાણેલું, સાંભળેલુ કે અનુભવેલુ બીજા પાસે પ્રગટ કરવાથી જ એ સમભાવ પ્રાપ્ત કરી શકે છે. માનવ સમાજના આદિ અવસ્થાના અંત ભાગથી મનુષ્ય ગીતો ગાતો થઇ ગયેલો મનાય છે. લોક સાહિત્ય એ અભણ, આદિમ અને જૂની જાતીઓનુ જ સાહિત્ય નથી, પણ શિક્ષિત અને સભ્ય ગણાતા સમાજના સંસ્કાર જીવનમાં પણ તે ગીતો, કથાઓ, કહેવતો અને ઉખાણા આદિ રૂપે જીવે જ છે.

લોકજીવનમાંથી ગીત-સંગીત ઉપાડી લેતા, જીવનને આંદોલિત કરતી આનંદની લહેરો બંધ પડે'ને જીવનમાં શૂન્યાવકાશ થઇ જાય. લોકગીતોથી સુખની માત્રા વધતી જાય છે અને દુ:ખની માત્રા ઘટતી જાય છે. લોકગીત આપણી સંસ્કૃતિનો પ્રાણ છે. જીવનની જટિલતાને હળવી બનાવવા લાગણીઓના આવેગોમાંથી નીઝરેલી સંઘોર્મીઓ એટલે આપણા લોકગીતો.

પ્રકૃતિ સાથે લોક સમાજનો વસવાટ રહેલો છે, લોકગીત સંસારના બે કાંઠા વચ્ચે વહે છે. લોકગીતોમાં સ્ત્રીઓના મનોભાવો વધારે વ્યક્ત થયેલા જોવા મળે છે. કારણ કે લાગણીઓના – ઉર્મિઓના આઘાતો સહન કરવા પડે એવી સામાજિક સ્થિતિ સ્ત્રીઓની રહી છે. વિવિધ સામાજિક સંબંધો લોકગીતોમાં ઉપસી આવે છે. પ્રકૃતિ તરીકે પશુ, પક્ષી, ઝાડ, પહાડ, નદી, સરોવર વગેરે સાથેનો આત્મન ભાવ લોકગીતોમાં વણાઈ ગયો છે.

સૌરાષ્ટ્રની ભાતીગળ ઓળખ તેના ઉત્સવો, મેળા, જંગલો, પર્વતો, નદીઓ, મંદિરો અને માઢુડા માનવીઓ છે, જે સૌરાષ્ટ્રની આગવી ઓળખ બની લોક સાહિત્ય જગતમાં ટમટમ કરતા તારલા સમાન ચમકી રહ્યા છે.

સૌરાષ્ટ્રના લોક સાહિત્યમાં લોકગીતોની ભાવસભર પરંપરા છે, જેમાં આપણને પ્રકૃતિ, પ્રણય, સામાજિક પરિવેશ વગેરે વિષયના લોકગીતોની હારમાળા જોવા મળે છે. પ્રકૃતિ અને માનવ જીવનનું અભિન્ન અંગ નદી છે. આ નદીઓના કાંઠે લોક સંસ્કૃતિ વિકસી. આ લોક સંસ્કૃતિનો સાદ અને દર્શન આપણને લોકગીતમાં થાય છે.

**સૌરાષ્ટ્રમાં નદી :-**

ભારત વર્ષમાં અનેક નદીઓ છે જેમાં ગંગા, યમુના, નર્મદા વગેરે મુખ્ય નદીઓ છે. ભારત વર્ષની આ બધી નદીઓ ચાહે મોટી હોય કે નાની, તેને આપણે લોકમાતાનું બિરુદ આપ્યું છે. તો સામે નદીએ લોક્માતાનું રૂપ લીધું પણ છે. સૌરાષ્ટ્ર જો ડુંગરીયાળ પ્રદેશ ના હોત તો રૂપવતી એવી સો સો નદીઓ પણ ના હોત. સિંધુ અને સરસ્વતીની જેમ દ્વારકાની ગોમતી પણ એટલી જ પ્રાચીન છે. સૌરાષ્ટ્રનો પૌરાણિક ઉલ્લેખ ગોમતીથી જ થાય છે. દુર્વાસા ઋષિ ગોમતી કાંઠે ચક્રપાણીની તીર્થયાત્રાએ આવેલાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આશરે ૧૦૦ આસપાસ નદીઓ સૌરાષ્ટ્રમાંથી પસાર થાય છે. કેટલીક કચ્છના અખાતમાં, કેટલીક અરબી સમુદ્રમાં, કેટલીક ખંભાતના અખાતમાં અને કેટલીક ભાલના સમથળ પ્રદેશમાં સમાઈ જાય છે. આ નદીઓ ૨૦ થી ૧૯૦ કી.મી. લંબાઈ ધરાવે છે.(3) આટલી બધી નદીઓના પાણી પીનાર મનુષ્યો પણ ખમીરવંતા હોય એ સ્વાભાવિક છે.

**લોકગીતમાં નદી :-**

"હેકણ કટકો હાડ રો, જો ગંગાજળ જાય,
માનવીય કુળમાય, ભૂત ન સરજે ભાગીરથી."(૪)

લોક જીવન વહેતું રહેતું એક ઝરણું છે. જેમાં લોક સંસ્કૃતિ, ઉત્સવ વગેરે તેની ધારા છે. નદી વિષયક લોકકથા, લોકગીત અને દુહા છંદ વિપુલ માત્રામાં પ્રાપ્ત થાય છે.

લોક સાહિત્ય ઉત્સવોને વાચા આપતી આનંદની વાણી છે. તત્કાલીન પરિસ્થિતિ મુજબ ત્યારનો મહતમ વર્ગ શ્રમિક, ખેતી અને પશુપાલન સાથે જોડાયેલ હતો. થાકને દુર કરવા, મનના ભાવોને વાચા આપવા સાંજે ચોકમાં સ્ત્રી વર્ગ અને પુરુષ વર્ગ ભેળો થતો અને ગીતો ગાતા. આમ જ લોકગીતો જન્મતા. આ ગીતોમાં રાધા-કૃષ્ણ, રામ-સીતા, શિવ-પાર્વતી પ્રતીકરૂપ આવતા આ પાત્રો દ્વારા પોતાના ભાવો રજુ થતા.

લોકગીતોમાં જોવા મળતા જળાશયો પર લોક જીવન અને ખાસ કરીને સ્ત્રી વર્ગના હ્રદયને વાચા મળતી. સ્ત્રીઓ પોતાના સુખ દુ:ખ જળાશયો પર પરસ્પર વહેચતી. આ જળાશયો તેમના વિવિધ પદ્ય સ્વરૂપમાં પ્રતિક કે રૂપક બનીને આવતું. જળાશયને કાંઠે પ્રેમ કથા પાંગરતી, પીયુ મિલનનું સ્થાન બની રહેતું. તો પ્રિયપાત્રની રાહમાં આ જળાશય પોતાનું લાગતું, આમ જળાશય સ્ત્રીના વિવિધ ભાવોના મુક સાક્ષી રહ્યા છે.

**<u>લોકગીતો જેમાં નદીનો ઉલ્લેખ છે.</u>**

“લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો,
ફૂલ કેરા દડૂલીયે સીતાએ વેર વર્યા જો.”(૫)

આ ગીત નાયક અને નાયિકાના નિર્ભેળ પ્રેમ અને આનંદની પળનું ગીત છે. જેમાં નાયિકા જુદા જુદા બહાના હેઠળ નાયકથી દુર જવાની વાત કરે છે, તો નાયક તેની સાથે જોડાયેલ રહેવા ઈચ્છે છે. જેમકે નાયિકા નદી થવાની વાત કરે છે, તો નાયક ધોબી થવા તૈયાર થાય છે. પરંતુ નાયિકા વીના રહેવા નથી માંગતો. આમ નાયિકા નદી બનીને લોકગીતમાં ગુંજી રહી છે. અહિ નાયક નાયિકા તરીકે રામ સીતા છે.

“આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દિઠો જો,
ખળખળતી નદીયું રે સાહેલી મારા સપનામાં”(૬)

પ્રસ્તુત ગીતમાં નાયિકાની સગાઇ થઇ છે, લગ્ન નજીક છે, ત્યારે મનના ભાવ રજુ કરતુ આ ગીત. જેમાં ડુંગર સસરાજી અને નદી સાસુમાનું પ્રતિક છે. સાથે વિવિધ સંબંધને જેઠ, જેઠાણી, દિયર, દેરાણી, નણંદ, નણદોઈ વિવિધ સ્વરૂપે સમજીને મનની કલ્પનાના રંગ નાયિકાએ પૂર્યા છે, સાથે પરિવારનું અભિન્ન અંગ પશુને પણ આ ગીતમાં વણી લઇ સાસરિયાની કલ્પના કરે છે.

“કારતકે કૃષ્ણ સીધાવિયાને રુકમણી સજે શણગાર
માગસર મહીને મેલી ગયા મને એકલડી નીરાધાર”(૭)

પ્રસ્તુત લોકગીતમાં રૂક્ષ્મણીજી આણું ગયા છે અને સાસરિયા કોઈ તેડવા નથી આવતા. આમ ધીરે ધીરે વર્ષ પસાર થાય છે. અહિ બારમાસના જુદા જુદા ભાવ આ ગીતમાં વર્ણવાયા છે. જેમાં અષાઢમાં નદીઓ વહે છલોછલ પણ હું કૃષ્ણના પ્રેમ વિનાની ખાલીખમની વાત કરવામાં આવી.

"વેલ્યુ છૂટી વીરા વાડીના વડ હેઠ
ધોરીડા બાંધ્યા રે વડને વાંકીએ માણારાજ"(૮)

પ્રસ્તુત ગીતમાં નાયિકા લગ્ન પછી પોતાના પિયર ગઈ નથી. એક વાર વર્ષો પછી તેનો ભાઈ બેનની ખબર લેવા આવે છે, ત્યારે માંની આંખની અને પિતાની બોલીની અણસારથી ભાઈને ઓળખી જાય છે. પોતાના વર્ષો પછી મળતા ભાઈને પોતાના દુ:ખની કથની સંભળાવી. આ સાંભળી ભાઈ કહે "ચાલ બેન તારે અહિ નથી રહેવું ચાલ આપણા ઘરે". પણ બહેન કહે "કેટલા દિવસ ત્યાં રહું ? એક દિવસ સાસરે આવવું જ પડશે ને !" આમ પોતાની કથની કહીને નાયિકા ભાદર નદીમાં પોતાની જાતને પધરાવી દે છે.

"ઝીલણ તારા પાણી, ઝીલણ તારા પાણી,
મને ઝેર ઝેર લાગે, મને ઉડ ઉડ લાગે"(૯)

પ્રસ્તુત ગીતમાં નાયિકાના ભાવ રજુ થયા છે. જેમાં નાયિકા પોતાના સુખ - દુ:ખની વાત સસરાના ગામની નદિ સાથે કરે છે. નાયિકાને સાસરિય તરફથી ખુબ દુ:ખ આપવામાં આવે છે, અને જે પરિવારમાં સાસરે આપી છે તે પરિવાર એને દુશ્મન જેવો લાગે છે અથવા તો પોતાના પિયરના દુશ્મન હોય તેવું જણાઈ આવે છે. નાયિકા નદીએ પાણી ભરવા આવી છે, અને નદીને કહે છે કે તારા પાણી મને ઝેર જેવા લાગે છે કેમકે સાસરિયામાં મને સુખ નથી.

"મુખમાં મોરલીને કાખમાં ઝોળી,
ખંભે ઉપાડેલ કાળો નાગ જોગી બાવા,
જોગી બાવા જોગણ બનાવી મુને આજ"(૧૦)

પ્રસ્તુત ગીતમાં કાળોતરાને પોતાની મુઠીમાં કરી લેવાની આવડત ધરાવતા મદારી પર એક યુવતી મોહી જાય છે. આ મદારીને, કાળી નાગ નાથવા ગયેલ કૃષ્ણનું રૂપ કલ્પવામાં આવ્યું છે. પોતે યમુનાજી સ્વરૂપ એની પર મોહી પડી છે, અન્યથા એમ પણ માની શકાય કે શિવજી કાળોનાગ, ઝોળી વગેરે લઇ હિમાલયમાં હશે ત્યારે પાર્વતીજી તેના પર મોહ્યા હશે. તો રાધાજીને પણ અહિ કલ્પી શકાય ખરા. આમ કોઈ પણ પાત્ર હોય પરંતુ ગીતમાં નદીનું આવવું અનિવાર્ય જેવું રહ્યું છે.

"ભાદર નદીએ આવેલ ભરપુર જો"(૧૧)

પ્રસ્તુત ગીતમાં ભાદર નદીમાં પુર આવેલ છે. કાંઠે ઉભેલી નાયિકા સામે કાંઠે પોતાના પીયુ પાસે લઈ જવા માટે નાવિકને વિનવે છે. નાવિક, સ્ત્રીને પોતાની બનવા વાત કરે છે, ત્યારે નાયિકા કહે કે મારો પીયુ પરદેશથી આવ્યો છે અને મારે ૪ બાળકો છે. આપણો સંબંધ શક્ય નથી. આમ નાયિકા, નાયક અને ત્રીજા પાત્ર વચ્ચે નદી અગત્યનું અંગ બની રહે છે.

"કુવા કાંઠે ઠીકરી કાઈ ઘસી ઉજળી થાય,

મોરબીની વાણીયણ મચ્છુ પાણી જાય"(૧૨)

પ્રસ્તુત ગીતમાં મોરબીની વાણીયાની સ્ત્રી મચ્છુ નદીએ પાણી ભરવા જાય છે. ત્યારે મોરબીનો રાજા જીવોજી ઠાકોર તે વાણીયણ સામે પ્રેમ પ્રસ્તાવ મુકવા તેની પાછળ મચ્છુ નદીએ પોતાનો ઘોડો પાવા માટે જાય છે. વિવિધ પ્રકારના પ્રલોભનો આપી પોતાની રાણી બનવા વાત કરે છે, ઈંઢોણી, બેડલું, અંબોડો, પાની વગેરેના મૂલ કરવા કહે છે. (કિમત કરવા અથવા એમ કહી શકાય કે વાણીયણને પોતાની બનવા માટે ઠાકોર એના દરેક શોખ પુરા કરવાની શક્તિ ધરાવે છે એમ સમજાવી પ્રલોભન આપે છે) પણ વાણીયણ પોતાની વિવિધ વસ્તુના બદલામાં રાજાની રાણી, રાજ, હાથી જેવી વિવિધ વસ્તુ ડુલ થશે (એટલે કે તારું રાજ વહેચાઈ જાય તો પણ મારી વિવિધ બાબતના મૂલ ન થઇ શકે, મારો પ્રેમ પામી ન શકાય) તેમ જણાવી વાણીયણ સહમત થતી નથી.

"હા રે મારું સોનાનું છે બેડુ"(૧૩)

નદીએ પાણી ભરવા જતી કન્યાને એક યુવાન છંછેડે છે, તેની સાથે આંખ મળી જાય છે, તેનો આ રાસડો છે. પ્રેમ થતા પોતાની વસ્તુ મહામુલી દેખાવા લાગે છે. જેનું કારણ પોતાનો મોંઘેરો પ્રેમ છે. પ્રેમતો નદી કિનારે જ પાંગર્યો ને !

"અહુરા પાણી ગૈ'તી, મીઠડી નદીએ પાણી ગૈ'તી"(૧૪)

પ્રસ્તુત ગીતમાં નાથિયો અને મીઠડી બંનેનો પ્રેમ નદી કાંઠે પાંગર્યો અને નદી કાંઠે પાણી ભરવાના બહાને આવેલ મીઠડી સાથે નાથિયો ભાગી છૂટ્યો. આમ પ્રેમી પાત્ર માટેનું મળવા અને નાસી જઈ એક થવા માટેનું ઠેકાણું નદી બની છે.

"માડી મને ભાદર જાવાદે"(૧૫)

પ્રસ્તુત ગીતમાં નાયિકાની સૈયરું ભાદર પાણી જાય છે ત્યારે નાયિકાને ભાદર નદીના રૂપ અને નીર જોવાની તાલાવેલી છે. પરંતુ માં ના પાડે છે તે ભાવ રજુ કરતુ આ ગીત છે.

"ત્યાં સિંહ ઘણા સહેલાન કરે"(૧૬)

પ્રસ્તુત ગીતમાં હિરણ નદીને કાંઠે થતા પશુ, પ્રાણીઓ તથા જંગલની વાત કરવામાં આવી છે. જંગલના જીવ માટે નદી માતા સમાન બની તેના ખોળે જીવને ઉછેરે છે. હિરણ નદી ગીરના જંગલ માટે અને જંગલમાં વસતા વન્ય જીવો માટે માતા બનીને વહી રહી છે.

"આવો રૂડો જમનાજીનો આરો"(૧૭)

પ્રસ્તુત ગીતમાં રાધા અને કૃષ્ણના રીસામણા-મનામણાનો સાક્ષી જમુના નદીનો કાંઠો બને છે. વિવિધ ભાવ સાથે અહિ આ બંને પાત્રના માધ્યમથી પ્રેમી હૈયાએ પોતાનો ભાવ રજુ કર્યો છે. નદી કાંઠે મળવું, રાસ લેવા, રિસાઈને નદીએ જવું, નદીના જળની સાક્ષીએ રાધાને મનાવવી વગેરેમાં નદીને માધ્યમ બનાવી છે.

"મારા છેટાના એ મહેમાન રે રાણા રયોને આજુણી રાત"

પ્રસ્તુત મણીયારામાં નદી માતાની વાત ઉલ્લેખ પામે છે જેમ કે

"નાવણ દેશું કુંડિયું રે રાણા નાવણ દેશું રે,
અમે દેશું ગંગાજળ નીર રે,
રાણા રયોને આજુણી રાત"(૧૮)

આ મણીયારામાં કોઈ વિયોગીની નાયિકાનો ભાવ રજુ થયો છે. એનો પરણ્યો પરદેશ છે તેને અંતરના ઓવારણા લળી લળીને આવકારો આપે છે. પોતાના પરણ્યાને આવકાર સાથે આપવામાં આવતી ઉતારા ઓરડા, દાતણ, નાવણમાં ગંગાજળ, ભોજનમાં લાડવા, મુખવાસ એલચી વગેરે સુવિધા આપવાની વાત નાયિકા જણાવી પોતાના પીયુને પોતાની પાસે બોલાવવા અને રોકાવા સો સો વાના કરે છે.

"જળ રે જમનાના ઝીલતા જી રે શામળિયા,
મને મોતીડું લાગ્યું હાથ નંદજીના નાનડિયા"(૧૯)

પ્રસ્તુત ગીતમાં સ્ત્રીના આભુષણ પ્રત્યેના ભાવ અને એમાય મોતી તો સામાન્ય અને ગરીબ વર્ગ માટે દોયલુ. ત્યારે આ ગીતની સ્ત્રી મોતીના ઝાડવા વાવવાની, તેમાંથી લુંબે ઝુંબે મોતીડા ઉતારવાની અને પરિવારના સભ્યોને આ મોતી વહેચવાનો ભાવ આ ગીતની નાયિકાને છે. નાયિકા જમનાજીએ પાણી ગઈ છે ત્યાં એક મોતી મળ્યું હવે શું ? એટલે આગળ કહે છે કે...

"જમનાને કાંઠે ક્યારો રોપીયો જી રે,
મહી વાવ્યો મોતીડાનો છોડ – નંદજીના..."(૨૦)

જમુનાજીના કાંઠે જ મોતીનો છોડ વાવે છે અને તેમાં ડાળે ડાળે, પાંદડે પાંદડે મોતીડાની લુંમની કલ્પના આ ગીતમાં જોવા મળે છે. સાથે કાના રૂપી મોતી હાથ લાગ્યું અને આ મોતીના છોડમાંથી પ્રેમ રૂપી મોતીની લુમો પ્રાપ્ત કરી સહુને વહેચવાની ભાવના નાયિકામાં છે.

"જળ જમનાજીને આરે હું તો ભૂલી,
મારા હૈયા કેરો હાર રે વાલમજી"(૨૧)

પ્રસ્તુત ગીત રાધા અને કાનાને નાયક નાયિકા બનાવી રાધાના ભાવ સાથે સ્ત્રી ગાય છે અને જમનાને કાંઠે મોતીનો નહિ, સોનાનો નહિ પણ અહી નાયિકા હૈયાનો હાર કાનાના ગળામાં પહેરાવી આવી છે. કાનાને પોતાનું હૈયું આપીને હૈયાના હારની વરમાળા કાનાના ગળામાં રોપી આવ્યાની વાત છે. આમ અહી નદી રાધા કૃષ્ણના પ્રણયાંકુરનું ઠેકાણું બને છે.

ભાદર વિષે અન્ય એક ગીત મળે છે...

"ભાદરને કાંઠે ભીમડો જાગ્યો,

જતડાની લાગી ખાત,"(૨૨)

ભાદર કાઠે પાકેલ બહારવટિયા ભીમડા જતની શૂરવીરતા અને ખમીરની વાત સાથે આ ગીતમાં ભાદર કાઠે થયેલ અન્ય મહત્વના પ્રસંગો, પાત્રોને પણ રજુ કરવામા આવ્યા છે.

**નવી રાષ્ટ્રીય શિક્ષણ પોલીસી અને નદી :**

લોક સાહિત્ય, લોકકલાઓ શિક્ષણનું માધ્યમ બની શકે તેમ છે. આ સંદર્ભે આજના શિક્ષણવિદોએ ગંભીરતાથી વિચારવું રહ્યું. લોકગીતોમાં નદી અને પ્રકૃતિ કેટલી બધી ઓળઘોળ છે, પર્યાવરણ જયારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં અભિન્ન અંગ અને અભ્યાસક્રમ બની આવી રહ્યું છે ત્યારે, નદી સાથે જોડાયેલા આ ગીતો વિદ્યાર્થીને માટે પ્રોત્સાહક, ઉપકારક અને સંશોધન માટેની પ્રેરણા બની નદી કાંઠે વિકસેલ લોક જીવન અને નદી કાંઠે પાંગરેલ પ્રકૃતિ ભારત વર્ષ અને વિશ્વ માટે દીવાદાંડી સમાન બની રહે તો નવાઈ નહિ. ભારતીય શિક્ષણની નવી પોલીસીનું માધ્યમ લોક સાહિત્ય બને તેવી આશા સેવીએ. જો આમ થશે તો ભાર વિનાનું ભણતર અને પોતીકી માટીની મહેક શિક્ષણ મેળવનારને વ્હાલુ લાગશે.

**ઉપસંહાર :-**

સૌરાષ્ટ્રનું લોક સાહિત્ય અનોખી ભાત પાડતું સાહિત્ય છે. એના લોકગીતોને મીઠા અને ગરવા સાદે ગાવા અને સાંભળવાની લહેજત કઈક અનેરી છે. અહી આપણે લોકગીતમાં નદી વિષયક જુદા જુદા ગીતની ચર્ચા કરી હજુ વધુ ગીતો મળી શકે તેમ છે. આ ગીતો સંશોધકોની રાહમાં છે. પ્રસ્તુત ગીતોમાં નાયક-નાયિકાના ભાવો, સામાજિક પરિવેશ, પ્રકૃતિ વગેરે છલકીને આવે છે. આ ભાવો થકી ત્યારનો સમાજ લોકગીતમાં ઉજાગર થાય છે. આમ લોકગીત પર્યાવરણ અને લોક સંસ્કૃતિના ઐતિહાસિક દસ્તાવેજી પુરાવા તરીકે ઉપયોગી બની શકે ખરૂં.

સંદર્ભ :

(૧) પરમાર, જયમલ્લ. ઊર્મિ નવરચના 'દુહા વિશેષાંક'. રાજકોટ. પ્રકાશક પોતે. ઈ.સ. ૧૯૮૫.

(૨) પરમાર, જયમલ્લ. "લોક સાહિત્ય તત્વદર્શન અને મૂલ્યાંકન", ગાંધીનગર. ગુજરાત સાહિત્ય અકાદમી. ઈ.સ. ૧૯૯૦,

(૩) આચાર્ય, ઇન્દ્રવદન. રૂબરૂ મુલાકાત. રાજકોટ. ઈ.સ. ૨૦૨૧

(૪) મેઘાણી, ઝવેરચંદ. "લોક સાહિત્ય અને ચારણી સાહિત્ય'. ભાવનગર. પ્રસાર પ્રકાશન, ઈ.સ. ૨૦૦૨.

(૫) પંડ્યા, નીલેશ. "ચાંદો ઉગ્યો ચોકમાં". ગાંધીનગર. માહિતી ખાતું પ્રકાશન. ઈ.સ. ૨૦૦૫.

(૬) રોહડિયા, તીર્થંકરદાન. અંગત સંગ્રહમાંથી. રાજકોટ. ૨૦૨૧.

(૭) પંડ્યા, નીલેશ. "ચાંદો ઉગ્યો ચોકમાં". ગાંધીનગર. માહિતી ખાતું પ્રકાશન. ઈ.સ. ૨૦૦૫.

(૮) રાણીંગા, શાંતિલાલા. ટેલીફોનીક ચર્ચા. રાજકોટ. ઈ.સ. ૨૦૨૧.

(૯) એજન.

(૧૦) નાંધુ, દિલીપદાન. ટેલીફોનીક ચર્ચા. રાજકોટ. ઈ.સ. ૨૦૨૧.

(૧૧) ગઢવી, બિહારીદાન. ટેલીફોનીક ચર્ચા. રાજકોટ. ઈ.સ. ૨૦૨૧.

(૧૨) બારહઠ, વાઘુભાઈ. રૂબરૂ મુલાકાત. રાજકોટ.

(૧૩) ચાટકા, ભાઈજીભાઈ. ટેલીફોનીક ચર્ચા. અમરાપર. ૨૦૨૧

(૧૪) એજન.

(૧૫) એજન.

(૧૬) મિસણ, (૧૬) જીતુદાન. ટેલીફોનીક ચર્ચા. જુનાગઢ. ઈ.સ. ૨૦૨૧.

(૧૭) ગઢવી, (૧૭) ભીખુદાનજી. ટેલીફોનીક ચર્ચા. જુનાગઢ. ઈ.સ. ૨૦૨૧.

(૧૮) પરમાર, જયમલ્લ. “લોક સાહિત્ય તત્વદર્શન અને મૂલ્યાંકન”, ગાંધીનગર. ગુજરાત સાહિત્ય અકાદમી. ઈ.સ. ૧૯૯૦, પૃ. ૩૫૩.

(૧૯) એજન પૃ. ૪૬૭.

(૨૦) એજન પૃ. ૬૫૩.

(૨૧) એજન પૃ. ૬૬૪.

(૨૨) એજન પૃ. ૭૦૨.